# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૯/૦૪/૨૦૨૬ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૫૯૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ લોડીંગ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૫૯૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાતય કરી હતી.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૬૦૦/૨૦૨૬**

**રામોલઃ** આદિત્ય હરેશભાઈ ભટ્ટ (રહે. રાધે ડુપ્લેક્ષ બરોડા એક્સપ્રેસ પાસે સીટીએમ રામોલ) એ તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાલ ક્રિસ્ટલ સ્કુલ નજીક જીવન આર્યા રેસીડેન્સી બિલ્ડીંગમાં "ઓમ જ્વેલર્સ" નામની પોતાની દુકાનમાં કામ કરતા દિલીપભાઈ રાણાભાઈ કડછા (રહે. પ્લોટ વિસ્તાર, નબા શેરી બળેજ, જી.પોરબંદર) નાઓ તા.૨૮/૧૨/૨૦૨૫ થી તા.૦૨/૦૧/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન "ઓમ જ્વેલર્સ" નામની દુકાનની તિજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૬૦,૦૦૦/–ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૦૧/૨૦૨૬**

**શાહીબાગઃ** રામચંદ્ર રમેશભાઈ કૂલમાળી (ઉ.વ.૩૧) (રહે. નિલકંઠ મહાદેવ અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૬ બપોરના ૦૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ જીવાજી ચલાવે છે.

**રામોલઃ** વસ્ત્રાલ નિરાંત ચાર રસ્તા ગુરુકુલ સ્કુલ સામે કર્મયોગ પાર્ક સોસાયટી વિભાગ–૦૧ ખાતે રહેતા જયેશભાઈ પટેલના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીલીપભાઈ લક્ષ્મણભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી